મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ અહીં છે



"કર ભલા હોગા ભલા" સૂત્રને સાર્થક કરતાં તપસ્વીઓને આજે શબ્દાંજલિ અર્પિત કરવી છે. વિદ્યાદાન જ સર્વશ્રેષ્ઠ છે તેનું જીવતું જાગતું ઉદાહરણ એટલે કડી સર્વ વિદ્યાલય. આજે સંસ્થાના આરંભથી આજ સુધી જોડાયેલા તમામ કેળવણીના હિમાયતી તપસ્વીઓને કાર્યોને યાદ કરતાં નવી ઉર્જા પ્રાપ્ત થાય છે. એવા સર્વ વિદ્યાલયના પાયામાં રહેલા છગનભા, નગીનભાઈ, પોપટભાઈ, બાપુભાઈ ગામી, પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, શેઠ દુર્ગાપ્રસાદ લશ્કરી, તુલસીદાસ ગો. પટેલ, પુરુષોત્તમદાસ ર. પટેલ, સાંકળચંદ કા. પટેલ અને શિવાભાઈ પ્ર. પટેલ, બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, શ્રી દાસકાકા, ધનાભાઈ હ. પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલ, લક્ષ્મીકાંત ભગુભાઈ, એન.કે. પટેલ, કેશુભાઈ પટેલ, ભોળાભાઈ ચ. પટેલ,કાળિદાસ ઝીણાભાઈ પટેલ, છગનભાઈ કા. પટેલ, ખોડાભાઈ શિ. પટેલ, હરગોવિંદભાઈ ધ. પટેલ, અંબાલાલ સો. પટેલ વગેરે તથા તેમની સાથે જોડાયેલા દરેકે વ્યક્તિ સંસ્થા માટે પૂરી નિષ્ઠાથી સેવાકાર્યમાં કરનાર તપસ્વીઓ છે. તેમના આદર્શોને સાકાર કરવાના પ્રયાસોમાં સતત કાર્યરત છે. આજે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ અને સંસ્થાના કર્મઠ અને આજની પેઢીના માર્ગદર્શન સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલની પુણ્યતિથિ નિમિત્તે હું ગીતાના શ્લોક સાથે હું તેમને તથા પૂર્વતથા વર્તમાન તમામ હોદ્દેદારો, દાતાશ્રીઓ અને સંસ્થાનાતમામ કર્મચારીઓને વધાવવા ઈચ્છું છું. છગનભાની માફક શ્રી માણેકદાદાએ નજર સમક્ષ કેળવણીનું લક્ષ્ય નિમ્યું એ પહેલાં એ એક સફળ અને અઢળક ધન ઉપાર્જન કરનારા ઉદ્યોગપતિ બની ચૂક્યા હતા. જે ચિત્ત અર્થોપાર્જનમાં ચોંટ્યું હોય તેને ત્યાંથી ઉખાડીને બીજે રોપવું દુષ્કર ગણાય. માણેકદાદાએ ઉદ્યોગમાં સતત રમમાણ ચિત્તને હસ્તામલકવત્ પોતાના ચિત્તને કેળવણીના કાર્ય તરફ વાળ્યું છે. માણેકદાદાના તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ અવસાન થયા પછી ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સંસ્થાનાં મંડળોની સંયુક્ત કારોબારી સભાએ સર્વાનુમતિથી એક અવાજે શ્રી વલ્લભભાઈને સર્વ વિદ્યાલય મંડળ અને ગાંધીનગર તેમજ ક.પા. કેળવણી ઉત્તેજક મંડળના ચેરમેન પદે અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટના સ્થાને સ્થાપ્યા છે. હવે એ સંસ્થાનું સુકાન એમની પૂરી શક્તિથી સંભાળી રહ્યાં છે. સ્વ.માણેકદાદાના જે આદર્શો હતા એ બધાને વલ્લભભાઈ એક પછી એક સાકાર કરવા લાગ્યા છે. માણેકલાલ માધવલાલ પટેલ મેમોરિયલ સ્કોલરશિપ દર યોજના તેમ જ આંગણવાડીઓને દત્તક લેવાનો એમનો સુવિચાર આરંભના ફળ છે. ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ માણેકદાદાની પ્રથમ પુણ્યતિથિથી "માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ સ્કોલરશિપ" એનાયત કરવામાં આવે છે. આજે આઠમી પુણ્યતિથિ નિમિત્તે એક કરોડ છત્રીસ લાખ જેટલી માતબર રકમ વિદ્યાર્થીઓને સ્કોલરશીપસ્વરૂપે એનાયત કરવામાં આવશે. જે પ્રથમ પુણ્યતિથિથી આજની તારીખ સુધીમાં આ આંક ૧૦ કરોડ ઉપર વટાવી ચૂક્યો છે.

એક સમારંભમાં દાદાએ કહ્યું હતું કે, 'વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે... આવી સંસ્થાને પોષવી જોઈએ... મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે.' આ જ ભાવ છગનભા દ્વારા વાવેલા છોડથી તેને વટવૃક્ષ સુધીની મંજિલ કાપનાર માણેકદાદા અને આજે વર્તમાન ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાથે ડો. કનુભાઈ ડી. પટેલ, ડો. મણિભાઈ એસ. પટેલ, મોહનલાલ પટેલ, ડો. રામભાઈ એમ. પટેલ, વિષ્ણુભાઈ પી. પટેલ, પટેલ મણિભાઈ સહિત તમામ હોદ્દેદારોમાં પણ ભાવ આજ જોવા મળે છે. સર્વ વિદ્યાલયની સ્થાપના સાથે છગનભા દ્વારા અપાયેલા મંત્ર "કર ભલા હોગા ભલા" અને સંસ્થાના આદર્શોની પરિપૂર્તિ માટે આજે પણ સંસ્થા પ્રતિબદ્ધ છે. જે દરેક માટે ગર્વની વાત છે. નાગરિક તરીકે હું સર્વવિદ્યાલય સાથે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે જોડાયેલા તમામ મહાનુભાવોને ગાંધીજીના શબ્દો દ્વારા આભાર પ્રગટ કરતાં મારી વાતને વિરામ આપું છું.

"આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. અહીં તમારા છોકરાને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે"....ગાંધીજી

- મિતેષ મોદી

કંપની સમાચાર

સ્વાસ્થ્ય ડાયાબિટીસ કેર અને એઆઈઆઈડીઆરના ઉપક્રમે સ્વાસ્થકોન ૨૦૨૦ યોજાશે

સ્વાસ્થ્ય ડાયાબિટીસ કેર અને ઓલ ઈન્ડીયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ડાયાબિટીસ એન્ડ રિસર્ચના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન મેટાબોલિક રોગો અંગેની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સ્વાસ્થ્યકોન ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સનો થીમ 'મેટાબોલિક રોગના મેનેજમેન્ટમાં અગ્રેસર રહો' રાખવામાં આવ્યો છે. આ કોન્ફરન્સને ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન અને ડી-ફૂટ ઈન્ટરનેશનલનો સહયોગ હાંસલ થયો છે. 'સ્વાસ્થ્યકોન ૨૦૨૦'માં ડોક્ટરો, અગ્રણી નિષ્ણાતો, શિક્ષણવિદો અને સમગ્ર દુનિયામાંથી ડેલિગેટ્સ હાજરી આપશે. 'સ્વાસ્થ્યકોન ૨૦૨૦'ના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. મયૂર પટેલ જણાવે છે કે 'દુનિયાભરમાં ડાયાબિટીસ આરોગ્ય માટે મોટુ જોખમ બની રહ્યો છે, એ ચેતવણીસૂચક બાબત છે. ડાયાબિટીસનો બોજ વધવાનુ કારણ ખરાબ જીવનશૈલીને અને ખાસ કરીને આહાર, તાણ અને કસરતનો અભાવ ધરાવતી જીવનશૈલીને ગણાવી શકાય. અનોખા વ્યવસ્થાપન અને અમારી ટીમના અથાક પ્રયાસોને કારણે અમારા દર્દીમાંથી એક તૃતિયાંશને સારવારની જરૂર પડી નથી, જ્યારે બે તૃતિયાંશ દર્દીના દવાના ડોઝમાં ૩૦ થી ૪૦ ટકાનો ઘટાડો કરી શકાયો છે. છેલ્લા ૩૩ વર્ષમાં અમે ૩,૫૦,૦૦૦થી વધુ દર્દીની સારવાર કરી છે.

ટેફલની સૌથી ટકાઉ હાર્ડ ટાઈટેનિયમ+ નોન-સ્ટિક કૂકવેર શ્રેણી લોન્ચ કરાઈ

કૂકવેરમાં વિશ્વની નંબર વન તથા કિચન ઈલેક્ટ્રિક્સ અને લિનેન સંભાળમાં અગ્રણી ટેફલે નવી નોનસ્ટિક શ્રેણી 'હાર્ડ ટાઈટેનિયમ' લોન્ચ કરી છે. આ કૂકવેર થર્મો-સ્પોટ ટેકનોલોજી સાથે પેટન્ટ ધરાવે છે. તેમાં તાપમાનનું સ્માર્ટ ઈન્ડિકેટર હોય છે. જે સ્વસ્થ અને સ્વાદિષ્ટ રસોઈની ખાતરી આપવા ઉપરાંત ઊર્જાના ઈષ્ટતમ વપરાશનું વચન પણ આપે છે. પેનની વચ્ચોવચ તાપમાનના સ્માર્ટ ઈન્ડિકેટરની (લાલ ટપકુ) જોગવાઈ છે. પેનને થોડીક મિનિટો માટે આંચ પર મુકવામાં આવે તો આ ઈન્ડિકેટર ઘેરા લાલ રંગનું થઈ જાય છે. આ ઈન્ડિકેટર વપરાશકર્તાને જણાવે છે કે પેન ક્યારે પૂર્વ-ગરમ અને ઉપયોગ માટે તૈયાર છે. પેન ઈષ્ટતમ ઊર્જા વપરાશ ટેકનોલોજીથી સજ્જ હોવાથી, અનેક ઉપયોગો બાદ પણ ભોજન સ્વસ્થ અને સ્વાદિષ્ટ હશે એની ખાતરી આપે છે. ઊર્જાનો ઓછો વપરાશ પ્રોડક્ટની આવરદા તો વધારે જ છે પણ સાથે જ પર્યાવરણને પણ અનેક રીતે મદદરૂપ થાય છે. હાર્ડ ટાઈટેનિયમ દાતુના તવેથા કે ચમતાથી સુરક્ષિત આ શ્રેણી ખાસ પ્રકારના કઠણ તળિયા સાથે બનાવવામાં આવી છે. જેનું ટાઈટેનિયમ એક્સલન્સ કોટિંગ ત્રણ ગણો પ્રતિકાર કરે છે. તેના હાથા પર વધારાનું ધ્યાન આપવામાં આવ્યું છે, તે અધિક મજબુત છે અને રસોઈ બનાવવાના આરામદાયક અનુભવની ખાતરી રહે એ માટે વેલ્ડ કરાયું છે.

વડોદરામાં ઓક્સિજન કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ

અમદાવાદ, તા.૧૧

વડોદરાના પાદરા નજીક ગવાસદ ગામ પાસે એમ્સ ઓક્સિજન કંપનીમાં આગ લાગ્યા બાદ પ્રચંડ બ્લાસ્ટ થતાં આઠ કામદારોના મોત થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ બ્લાસ્ટમાં દસથી વધુ લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં થતાં ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતકો અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે, ત્રણ કિમી સુધી ધરતી ધ્રુજતા ભૂંકપ જેવો અનુભવ થયો હતો. બ્લાસ્ટની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે, કામદારોના શરીરના ફુરચે ફુરચા ઉડી ગયા હતા અને એક તબક્કે તેમની ઓળખ પણ મુશ્કેલ બની હતી. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ગવાસદ ગામ પાસે આવેલી એમ્સ ઓક્સિજન કંપનીમાં ઈન્ડસ્ટ્રીઝ અને હોસ્પિટલમાં વપરાતા ઓક્સિજન સિલિન્ડર્સ ભરવામાં આવે છે.

આ કંપનીમાં આજે સવારે ૧૦-૫૫ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. ત્યારબાદ બ્લાસ્ટ થતાં અફરાતફરી મચી ગઈ હતી. બ્લાસ્ટની આ ઘટનામાં સાત કામદારોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે ૧૦થી વધુ કામદારો ઈજાગ્રસ્ત થયા હતા. હજુ મૃત્યુઆંક વધે તેવી શક્યતા છે. મૃતક કામદારોમાં ૩ લોલા ગામના રહેવાસી, એક મુવાલ ગામનો રહેવાસી અને એક ગવાસદ ગામનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. જ્યારે એક મૃતદેહની ઓળખ થઈ શકી નથી. એમ્સ ઓક્સિજન કંપનીમાં હાઈડ્રોજન અને નાઈટ્રોજનના બોટલો પણ રાખવામાં આવ્યા હોવાની માહિતી મળી છે. જેને કારણે બ્લાસ્ટ થયો હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણી શકાયુ નથી. બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે, ૩ કિ.મી સુધી ધરતી ધ્રુજતા ધરતીકંપ જેવો અનુભવ થયો હતો અને ગવાસદ ગામમાં ઘરના બારી બારણા અથડાયા હતા અને વાસણો નીચે પડી ગયા હતા. આ ઉપરાંત બ્લાસ્ટનો દૂર સુધી અવાજ પણ સંભળાયો હતો. બ્લાસ્ટના કારણે કંપનીના પ્લાન્ટના પતરાની સિલિંગ તૂટી ગઈ હતી. એમ્સ ઓક્સિજન કંપની દ્વારા કામદારો સેફ્ટીના સાધનો આપવામાં આવ્યા ન હતા. જેને કારણે કામદારોના શરીરના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા. આ ઉપરાંત કંપનીમાં ફાયર સેફ્ટીના ફાયર સેફ્ટીના સાધનો પણ નહોતા.

વર્ષ ૨૦૦૧ બાદ તોફાનો ભૂતકાળ બન્યાં : મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૧૧

વિજય રૂપાણીએ જણાવ્યું કે, આવનાર સમયના પડકારોને ઝીલવા ગુજરાત પોલીસે વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સાઈબર ક્રાઈમ સામે સજ્જતાથી બાથ ભીડી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે હવેનો યુગ સાયબર વોર એટલે કે સાયબર યુદ્ધનો છે. ગુનેગારો અને ગુનો આચરનારા આવી સાયબર ટેકનોલોજીથી ગુના કરે છે. પરંતુ ગુજરાત પોલીસ નવા નવા ટેકનોલોજીયુક્ત આયામોથી આ સાયબર યુદ્ધ જીતશે જ તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતમાં સાયબર બુલીંગ, સાયબર ક્રાઈમથી થતાં ઓનલાઈન ચીટિંગથી લોકોને છેતરી તેમના પૈસા પડાવી લેતા લેભાગુઓને હવે પળવારમાં પકડી પાડવા સાયબર 'આશ્વસ્ત' અને 'વિશ્વાસ'ના આ પ્રોજેક્ટ્ મહત્વપૂર્ણ ટુલ બનશે, તેમ પણ ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ ગુજરાતમાં ક્રાઈમ રેઈટ નીચો તથા ડિટેક્શન રેઈટ હાઈ છે તેની ભૂમિકા આપી હતી. તેમણે રાજ્ય પોલીસના ત્રિનેત્ર અને નેત્રમના કેમેરા ઉપયોગથી વ્યૂહાત્મક સ્થાનો અને સંવેદનશીલ વિસ્તારો સહિત ક્યાંય પણ ગુનો બને કે કાયદો વ્યવસ્થા કથળે તો તુરત જ પોલીસને જાણ થાય અને તેને ત્વરાએ કાબુમાં લઈ શકાય છે તેની વિગતો આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોન્ચ થયેલા 'આશ્વસ્ત' પ્રોજેક્ટથી જનતા જનાર્દન આશ્વસ્ત થશે અને ગુનાખારી અને ગુનો આચરનારાથી તેને રક્ષણ મળશે. વિશ્વાસ પ્રોજેક્ટ રાજ્યની જનતાની સુરક્ષા, સલામતી માટેનો વિશ્વાસ વધારશે. સાચો સાથ ગમે તેવા ગુનેગારોને પળભરમાં ઝડપી લેવાના પોલીસ દળના મનોબળ અને કાર્ય સજ્જતાનો પણ વિશ્વાસ દ્રઢ બનાવશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. તેમણે રાજ્યમાં ૭૫૦૦ કેમેરાને ૧૫,૦૦૦ લોકેશન પર ગોઠવીને તેનું કમાન્ડ કંટ્રોલ સાથે થનારું જોડાણ કોઈ પણ વ્યક્તિને ગુનો કરતાં જ ઝડપી પાડે તેવું પરિણામદાયી બનશે.

ગુજરાત બન્યું દેશનું વિકાસ રોલ મોડલ

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મહાત્મા મંદિર ખાતે જણાવ્યું હતું કે ગુજરાતમાં વિકાસના નવા સીમાચિહ્નો સર થયા છે અને દેશનું વિકાસ રોલ મોડલ ગુજરાત બન્યું છે તેના પાયામાં સુદ્રઢ કાયદો-વ્યવસ્થાની સ્થિતિ રહેલી છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આવનાર સમયના પડકારોને ઝીલવા ગુજરાત પોલીસે વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સાઈબર ક્રાઈમ સામે સજ્જતાથી બાથ ભીડી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે હવેનો યુગ સાયબર વોર એટલે કે સાયબર યુદ્ધનો છે. ગુનેગારો અને ગુનો આચરનારા આવી સાયબર ટેકનોલોજીથી ગુના કરે છે. પરંતુ ગુજરાત પોલીસ નવા નવા ટેકનોલોજીયુક્ત આયામોથી આ સાયબર યુદ્ધ જીતશે જ તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

ખૂણેખાંચરેથી

- મધુર ડેરી દ્વારા યોજાયેલા પતંગોત્સવમાં ભાજપ-કોંગ્રેસના આગેવાનો સહિત સામાજિક અગ્રણીઓની હાજરી જોઈ પતંગ રસિયાઓમાં ચર્ચા જાગી હતી કે કોણ કોનો પતંગ કાપશે...
- ગાંધીનગર નજીક કોલવડા ગામને આયુષ પ્રકલ્પ ગામ તરીકે પસંદ કરાયા બાદ આજે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના હસ્તે તેનો પ્રારંભ કરાયો હતો. ૨૦૦થી વધુ લોકોને રોગ પ્રતિકારક ઉકાળાનું પણ આ પ્રસંગે વિતરણ કરાયુ હતુ.
- ગાંધીનગર જિલ્લાના ૪ હજાર જેટલા બાળકોએ આજે નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા ૧૮ જેટલા કેન્દ્રો ખાતે આપી હતી.
- આજે વિવેકાનંદ જયંતિ નિમિત્તે ગાંધીનગર શહેરમાં ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઋત્વીજ પટેલ અને મેયર રીટાબેન પટેલ સવારે ૮.૧૫ કલાકે સિવિલ હોસ્પિટલ ખાતે પ્રતિમા પૂજન કરશે.
- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૭ કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ સરકારની વિવિધ સહાય યોજના અંતર્ગત કરાયુ છે અને એક કોલ્ડ સ્ટોરેજના નિર્માણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

આયુષ ગ્રામ પ્રકલ્પનો કોલવડા ખાતે પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

આજરોજ તારીખ ૧૧/૦૧/૨૦૨૦ ના રોજ નેશનલ આયુષ મિશન અંતર્ગત નિયામકશ્રી આયુષની કચેરી - ગાંધીનગર પ્રેરિત તેમજ સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા ગાંધીનગર સંચાલિત આયુષ ગ્રામ પ્રકલ્પનું ગાંધીનગર જીલ્લાના કોલવડા ગામ ખાતે કે.કે.પટેલ વિદ્યાલયના પ્રાંગણમાં ઉદ્ઘાટન સમારંભ યોજાયેલ હતો. જેમાં મુખ્ય મહેમાન ડૉ. સી.જે.ચાવડા - ધારાસભ્યશ્રી ગાંધીનગર, નિયામકશ્રી આયુષની કચેરી - ગાંધીનગર વૈદ્ય ભાવનાબેન પટેલ, કોલવડા ગામના સરપંચશ્રી રમેશભાઈ પટેલ, કોલવડા કેળવણી મંડળ ના ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખ તેમજ અન્ય હોદ્દેદારો, શાળા ના આચાર્ય શ્રી, ગામના અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ – કોલવડા ગાંધીનગરના આચાર્યશ્રી વૈદ્ય સ્વીટીબેન રૂપારેલ, આયુષ ગ્રામ પ્રકલ્પ ઈન્ચાર્જ વૈદ્ય એલ.પી.પાંડેય, અન્ય પ્રોફેસર સ્ટાફ તેમજ રાષ્ટ્રીય સેવા યોજના (દ્ર.જી.જી.) ના વિદ્યાર્થીઓએ સુચારુ સંચાલન કર્યું હતું. શરૂઆતમાં દીપપ્રાગટ્ય તેમજ ધન્વંતરી વંદના કરી મહેમાનોનું શાબ્દિક તેમજ શ્રીફળ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આયુષગ્રામ પ્રકલ્પ નો પરિચય, ઉદ્દેશ્ય તેમજ તે અંતર્ગત થતી પ્રવૃત્તિઓની પાવર પોઈન્ટ પ્રેશન્ટેશન દ્વારા સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ આયુર્વેદિક સર્વરોગ નિદાન સારવાર કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને રોગ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ૨૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. તેમજ મફતમાં બ્લડ સુગર ચેક કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આયુર્વેદિક ઔષધિઓ, દિનચર્યા, ઋતુચર્યા નું ચાર્ટ દ્વારા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત આગામી વર્ષમાં કોલવડા ગામમાં આયુષ જીવનશૈલી અપનાવી આરોગ્યની જાળવણી તેમજ આયુષ સંમત પદ્ધતિઓ દ્વારા વિવિધ પ્રકારના રોગોનું નિવારણ કરવા માટે વિવિધ પ્રવૃતિઓ થનાર છે. જેમાં સ્વાસ્થ્ય સર્વેક્ષણ, હેલ્થ ચેકઅપ કેમ્પ, નિદાન સારવાર કેમ્પ, ઉકાળા વિતરણ, પ્રકૃતિ પરીક્ષણ, દિનચર્યા, ઋતુચર્યા, આયુર્વેદ અંગે પરિસંવાદ, હેલ્થ કાર્ડ સંક્રામક રોગો, વાર્ધક્યજનિત રોગો વગેરે અંગે લોકજાગૃતિ જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ગુનાખોરો સાવધાન : હિંમતનગરમાં ૨૩ સ્થળે લગાવાયેલ ૧૨૦ કેમેરા કાર્યરત

પોલીસ હેડક્વાટર્સમાં નેત્રમ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત કમાન્ડ કંટ્રોલરૂમ કાર્યરત કરાયો : વાહન નિરીક્ષણ, વાહન ટ્રેકિંગ સહીતની અન્ય ગતીવિધીઓ જોઈ શકાશે

હિંમતનગર, તા. ૧૧

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ પ્રોજેક્ટ તેમજ સાયબર આશ્વસ્થ પ્રોજેક્ટનો શનિવારે ઓનલાઈન પ્રારંભ કર્યો છે. ત્યારે તેને અંતર્ગત હિંમતનગરમાં ગુનાખોરીને ડામવા માટે પોલીસતંત્રએ અંદાજે રૂ. ૨૦ લાખથી વધુના ખર્ચે શહેરના ૨૩ સ્થળે લગાવાયેલા ૧૨૦ કેમેરા કામ કરતા થઈ ગયા છે. જેને લઈને સતત ૨૪ કલાક ચાલુ રહેનારા આ કેમેરાને લઈને ગુનાખોરી માનસ ધરાવતા તત્વોને શોધી કાઢવા માટે પોલીસતંત્રને ખુબ જ અનુકૂળતા રહેશે જેથી શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઘટાડો થવાની શક્યતા છે.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીકના જણાવાયા મુજબ શનિવારે કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદ ખાતેથી સાયબર આશ્વસ્થ પ્રોજેક્ટનો ઓનલાઈન પ્રારંભ કરાવતાની સાથે જ હિંમતનગર ખાતે પોલીસવડાની કચેરીના કેમ્પસમાં લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલ અદ્યતન કેમેરા તથા કોમ્પ્યુટરે નેત્રમ પ્રોજેક્ટ સાથે કાર્યરત થઈ ગયા હતા. જ્યાં ઉપસ્થિત ઉચ્ચ પોલીસ અધિકારીઓએ શહેરમાં વિવિધ સ્થળે લગાવાયેલ કેમેરા મારફતે જે તે વિસ્તારની હલચલ નજરે નિહાળી હતી. પોલીસવડાના જણાવ્યા મુજબ નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ કરાયેલા આ કમાન્ડ કંટ્રોલરૂમ ૨૪ કલાક કાર્યરત રહેશે. જ્યાં ત્રણ શીપમાં કર્મચારીઓ ફરજ બજાવશે. શહેરના ૨૩ સ્થળે લગાવાયેલ ૧૨૦ કેમેરાની મદદથી ગમે ત્યારે ગુનાહિત માનસ ધરાવતા લોકો પર બાજ નજર રાખી શકાશે. એટલું જ નહી પણ ગમે ત્યારે વાહન અકસ્માત થયા બાદ ભાગી જનાર વાહનચાલક પણ છટકી શકશે નહી.

શહેરના જે સ્થળે કેમેરા કાર્યરત થયા છે ત્યાંથી પસાર થતા વાહનોના નંબરો પણ કેમેરામાં આવી જશે. સાથોસાથ એટીએમ, બેંક ફ્રોડ, ફેસબુક હેકીંગ, ઈન્સ્ટાટાગ્રામ ઓપરેટર દ્વારા સંલગ્ન અધિકારીઓને જાણ કરાયા બાદ સાયબર ક્રાઈમના ગુના ઉકેલવા તથા અટકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી થઈ શકશે.

હિંમતનગર શહેરમાં શરૂ થયેલા નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત કેમેરા મારફતે મોટાભાગે સ્થળે રાત્રે અને દિવસે થતા ગતિવીધીઓથી પોલીસતંત્ર વાકેફ રહેશે. સાથોસાથ પોલીસતંત્રને અત્યાર સુધી જે ગુનાઓ ઉકેલવા માટે અસંખ્ય માનવ કલાકો વેડફવા પડતા હતા તેમાં ખાસ્સો ઘટાડો થવાની શક્યતા છે.

પ્રોજેક્ટ કાર્યાન્વિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પળવારમાં પકડી પાડવા સાયબર 'આશ્વસ્ત' અને 'વિશ્વાસ'ના આ પ્રોજેક્ટ્ મહત્વપૂર્ણ ટુલ બનશે, તેમ પણ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ક્રાઈમ રેઈટ નીચો તથા ડિટેક્શન રેઈટ હાઈ છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે રાજ્ય પોલીસના ત્રિનેત્ર અને નેત્રમના કેમેરા ઉપયોગથી વ્યૂહાત્મક સ્થાનો અને સંવેદનશીલ વિસ્તારો સહિત ક્યાંય પણ ગુનો બને કે કાયદો વ્યવસ્થા કથળે તો તુરત જ પોલીસને જાણ થાય અને તેને ત્વરાએ કાબુમાં લઈ શકાય છે તેની વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોન્ચ થયેલા 'આશ્વસ્ત' પ્રોજેક્ટથી જનતા જનાર્દન આશ્વસ્ત થશે અને ગુનાખારી અને ગુનો આચરનારાથી તેને રક્ષણ મળશે.

'વિશ્વાસ'પ્રોજેક્ટ રાજ્યની જનતાની સુરક્ષા, સલામતી માટેનો વિશ્વાસ વધારશે. સાચો સાથ ગમે તેવા ગુનેગારોને પળભરમાં ઝડપી લેવાના પોલીસ દળના મનોબળ અને કાર્ય સજ્જતાનો પણ વિશ્વાસ દ્રઢ બનાવશે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના વરદ હસ્તે વિશ્વાસ પ્રોજેક્ટ અને સાયબર આશ્વસ્ત લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતુ.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે વિશ્વાસ પ્રોજેક્ટના શુભારંભની સાથે રાજયના ૨૭ જિલ્લાઓના 'દ્રઈઈછર' કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું ઈ-ઉદઘાટન કરાયું હતુ જેમાં કાર્યરત ૭ જિલ્લાઓમાંથી ૨ જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ સંવાદ કરીને માહિતી મેળવી હતી. જયારે આ સંદર્ભે ઓનલાઈન પેમેન્ટ પોર્ટલનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતુ.

આ ઉપરાંત સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટના શુભારંભની સાથેસાથે ગુજરાત સાયબર ક્રાઈમ પોર્ટલ, ગુજરાત કોઓર્ડિનેશન પોર્ટલ તેમજ એસએમએસ કાઉન્ટર ક્લિકનું ઉદઘાટન કર્યું હતુ. જેના માધ્યમથી રાજયભરના ૧.૫૦ લાખ લોકોને એસએમએસ મોકલવામાં આવ્યા હતા. આ સાથે 'વિશ્વાસ'પ્રોજેક્ટ અને 'સાયબર આશ્વસ્તની વિગતો દર્શાવતી વીડિયો ક્લિપ પણ રજૂ કરવામાં આવી હતી. ગુજરાતના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમે આ પ્રંસગે તમામનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

ઠુંઠવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડીમાં રાહત અનુભવી હતી. પરંતુ ગઈકાલે પણ પવનનુ જોર વધુ રહેવાથી લઘુત્તમ તાપમાન ઓછુ હોવાછતા ઠંડી બેવડાઈ હતી જયારે આજે પણ ઠંડીનુ પ્રમાણ ઘટવા છતા નગરજનોએ આકરા કોલ્ડવેવનો સામનો કરવો પડયો હતો. સવારથી જ વાતાવરણમાં સુસવાટા મારતા ઠંડા પવનના લીધે ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. સવારે પવનના લીધે ઠંડી અસહ્ય બની હતી રજાનો દિવસ હોવાથી નગરજનો વહેલી સવારે મોર્નિંગ વોક પર જવાનુ ટાળ્યુ હતુ જયારે પવનના લીધે ઠંડીનુ જોર વધતા નગરના માર્ગો તેમજ સેકટરોમાં પણ સન